## મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ(ઓકઝી.૦૮) ધોળકા સેશન્સ કોર્ટ, અમદાવાદ

એમ.એ.સી.એમ.એ. નંબર :– ૧૨/૨૦૨૬
(એમ.એ.સી.પી.નંબર ૩૯૨/૨૦૨૧)
જુનો એમ.એ.સી.પી.નંબર ૧૪૦૦/૨૦૧૪

અરજદાર :– અબ્દુલ હમીદખાન ઉર્ફે મુનાવરખાન હુસેનખાન પઠાણ
ઉ.વ.પુખ્ત, ધંધો–મજુરી કામ,
રહે.ઈંગોલી,તા–ધોળકા,જી–અમદાવાદ

–:: વિરૂધ્ધ ::–

સામાવાળા :– ન્યુ ઈન્ડીયા ઈન્શ્યોરન્સ કંપની લી. વિગેરે

બાબત :– એફ.ડી.ની રકમ ઉપાડી લેવા બાબત.

રજુઆત :– અરજદાર તરફે વિ.વ.શ્રી કે.બી.પટેલ

**–:: જજમેન્ટ ::–**

૧. હાલની અરજી અરજદારે રૂા.૨,૩૦,૬૭૩/– ની રકમ જે પાંચ વર્ષની એફ.ડી.આરમાં મુકેલી તેને પ્રિમેચ્યોર તોડી રકમ મેળવવા માટે કરેલી છે.

૨. અરજદાર તરફે વિ.એડવોકેટશ્રી કે.બી.પટેલનાઓને સાંભળ્યા.

૩. અરજદારે મુળ અરજીમાં જણાવેલ છે કે, એમ.એ.સી.પી.નં.૩૯૨/૨૦૨૧ તારીખ ૨૭/૦૬/૨૦૨૫ ના રોજ જજમેન્ટથી નિકાલ થયેલ છે અને હુકમ અનુસાર રૂપીય ૨,૩૦,૬૭૩/–ઈન્ડીયન બેંક પાલડી શાખામાં અરજદારના નામે એફ.ડી.થી જમા છે. તેઓની તેમની અરજીમાં વધુમાં જણાવેલ છે કે, અરજદારના પુત્ર નામે સાહીલખાનના શુભ લગ્ન

મજીદખાન દિલાવરખાન પઠાણની પુત્રી મિસ્બાહબાનું સાથે તારીખ ૨૦/૦૩/૨૦૨૬ ના રોજ નકકી કરેલ છે.અરજદારના પુત્ર સાહીલખાનના લગ્ન અમારી જ્ઞાતીના રીત–રીવાજ મુજબ કરવા પાછળ દર–દાગીના , કપડા–લત્તા, વાસણ કુસણ, જમણવાર તેમજ બીજી સામાજીક તેમજ ધાર્મિક વિધિ પાછળ આશરે રૂપીયા ૩,૦૦,૦૦૦/– જેટલાનો ખર્ચ થાય તેમ છે અરજદાર ખુબ જ ગરીબ છીએ અરજદાર પાસે બીજી કોઈ આવક, બચત કે મિલકત નથી કે અન્ય કોઈ ઠેકાણેથી નાણાની વ્યવસ્થા થાય તેમ નથી તેમજ અરજદારે તેમની ફીકસ ડીપોઝીટની રકમ રોકડેથી ચુકવી આપવામાં ન આવે તો અરજદારના પુત્રના લગ્ન અટકી પડે તેમ છે તેમજ સમાજમાં અરજદારને બેઆબરૂ થવુ પડે તેમજ અરજદારની પ્રતિષ્ઠાની હાની પહોંચે તેમ છે જેથી અરજદારની આપ નામદાર કોર્ટને નમ્ર અરજ છે કે, અરજદારના નામે ફીકસ ડીપોઝીટમાં મુકેલ રકમ રૂપીયા ૨,૩૦,૬૭૩/– ની પુરેપુરી બેંક અમો અરજદારને પાકતી તારીખ પહેલા રોકડેથી ચુકવી આપે તેવો બેંકને હુકમ કરવા વિનંતી છે. જેથી અરજદારની આપ નામદાર કોર્ટને નમ્ર અરજ છે કે, અમો અરજદાર ખુબ જ ગરીબ પરિસ્થિતિના છીએ અને અમો અરજદાર પાસે ઉપરોકત એફ.ડી.આર.ની રસીદ સીવાય અન્ય બીજો કોઈ આધાર નથી અમો અરજદાર ગરીબ પરિસ્થિતિના હોવાથી કોઈ ઉછીના પૈસા પણ આપતુ નથી જેથી ઉપરોકત એફ.ડી.આર.ની  રસીદ સીવાય અન્ય કોઈ પણ અમો અરજદારનો આધાર નથી.આમ, તેઓએ એફ.ડી.આરને  પ્રિમેચ્યોર તોડી તેની રકમ મેળવવા હાલની અરજી કરેલી છે.

૪. અરજદારે આંક–૩ થી દસ્તાવેજો રજુ કરેલ છે જેની નિ.૩/૧ જોતા અરજદારે તેમના પુત્ર સાહીલખાન લગ્નની કંકોત્રી રજુ કરેલ છે. લગ્ન પ્રસંગ તથા ધાર્મિક વિધિ ખુબ જ ખર્ચ થતો હોવાનું પણ જણાવેલ છે. એમ.એ.સી.પી.નં.૩૯૨/૨૦૨૧ ના કામે જે છેવટનો હુકમ થયેલો તે મુજબ અરજદારના નામની રૂપીયા ૨,૩૦,૬૭૩/–એફ.ડી.આર.ઈન્ડીયન બેંક પાલડી શાખામાં  પાંચ (૫) વર્ષ માટે મુકવામાં આવેલી છે. અરજદારને તેમના પુત્રના લગ્ન પ્રસંગમાં  સમાજના રીત રીવાજ મુજબ પુષ્કળ પ્રમાણમાં ખર્ચ થતો હોય છે.  જેનો તમામ ખર્ચ અરજદારે આપવાનો હોઈ અને અરજદાર ખુબ જ ગરીબ પરિસ્થિતિના છે  અને અરજદાર પાસે ઉપરોકત એફ.ડી.આર.ની રસીદ સીવાય અન્ય બીજો કોઈ આધાર નથી જેથી નાણાની જરૂરીયાત છે અને એમ.એ.સી.પી.માં થયેલ અવોર્ડ મુજબની રકમ તેઓની પોતાની રકમ છે તેવી રકમ જો અરજદારને ખરે સમયે ન મળે તો તેનો કોઈ અર્થ રહેતો નથી.

અરજદારના પુત્રના લગ્ન પ્રસંગમાં તથા ધાર્મિક વિધિમાં નાણાની તાકીદે જરૂર હોય અને મૂળ એવોર્ડ સામે કોઈ અપીલ કરવામાં આવેલ ન હોય ત્યારે આ અરજી મંજુર કરવા અત્રેની ટ્રીબ્યુનલને કોઈ અડચણ જણાતી નથી. તેની ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ::–

- અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે.
- અરજદારના નામે એફ.ડી.આર.એકાઉન્ટ નંબર ૮૧૩૪૦૫૫૨૯૦ તથા તેનો રસીદ નંબર ૦૯૮૬૧૮૬,ઈન્ડીયન બેંક પાલડી શાખા અમદાવાદ રૂપીયા ૨,૩૦,૬૭૩/–ની એફ.ડી.આર છે. તેને પ્રિમેચ્યોર વિથડ્રો કરવા માટે પરવાનગી આપવામાં આવે છે.
- આ હુકમની યાદી ઈન્ડીયન બેક પાલડી શાખા અમદાવાદના મેનેજરશ્રીને કરવી.

  અરજીનો તે રીતે નિકાલ કરવામાં આવે છે.

તારીખ :– ૧૨/૦૩/૨૦૨૬
સ્થળ :– ધોળકા

(પી.પી.જાડેજા)
[UIC No. GJ00832]
એમ.એ.સી.ટી.(ઓકઝી.૦૮) અને
૦૮માં એડી.ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ
અમદાવાદ (ગ્રામ્ય) મુ.ધોળકા